# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તાઃ ૧૩ /૦૨/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## ચેમ્બરની યશકલગીમાં વધુ એક પિચ્છ ઉમેરાશે
## ટૂંક સમયમાં એનઆરજી કોર્નર શરૂ થશે

સુરતઃ ગુજરાત રાજયના ગુજરાત સ્ટેટ નોન રેસિડેન્ટ ગુજરાતી'સ ફાઉન્ડેશન અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સહયોગથી ચેમ્બર ખાતે એક એનઆરજી કોર્નર ટૂંક સમયમાં શરૂ થનાર છે. આ અંગે ફાઉન્ડેશન વતિ સુરત જિલ્લા કલેકટરશ્રી તથા ચેમ્બર વચ્ચે એમઓયુ કરવામાં આવ્યું હતું. આજરોજ ચેમ્બર ખાતે યોજાયેલી મેનેજિંગ કમિટીની બેઠકમાં એમઓયુ લેટરનું આદાન પ્રદાન થયું હતું. જીલ્લા કલેકટર શ્રી એ.જે. શાહે સુરતમાં ચાર્જ લીધા બાદ પ્રથમ વખત ચેમ્બરની મુલાકાતને યાદગાર વર્ણવતા જણાવ્યું હતું કે, મહાજનની ભૂમિકા ખૂબજ ઉમદા હોય છે કારણ કે તેમની દિર્ઘ દ્રષ્ટી અને તેમની આગવી સુજને કારણે સમાજને ઘણી બધી નવી વસ્તુઓ મળે છે. તેઓએ અમદાવાદમાં કાર્યભાર સંભાળ્યો હતો. ત્યાં તેમને જોયુ હતુ કે, અમદાવાદના મહાજનોએ જે દિર્ઘ દ્રષ્ટી વાપરી હતી તેને કારણે એકજ જગ્યા ઉપર મેડીકલ કોલેજ, ફાર્મસી કોલેજ જેવી એનક શૈક્ષણિક સંસ્થા, હોસ્પીટલ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચરનું નિર્માણ થયું. તેવી રીતેજ અહીંના મહાજનો જે રીતે કાર્ય કરે છે તે અભિનંદનને પાત્ર છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, એન.આર.જી. કોર્નર, ગુજરાત રાજયના પ્રવાસે આવનારા બિન રહિશ ગુજરાતીઓને દક્ષિણ ગુજરાતના પ્રવાસ દરમિયાન ઉપયોગી સેવાઓ તથા માર્ગદર્શન આપવાના આશયથી આ કેન્દ્ર શરૂ થનાર છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિલેશભાઈ માંડલેવાળાએ ચેમ્બરની કાર્યવાહીની માહિતી આપી હતી અને વધુમાં એન.આર.જી. કોર્નર વિષે જણાવ્યું હતું કે, ચેમ્બર ખાતે શરૂ થનારા આ એનઆરજી કોર્નર ધ્વારા પ્રવાસ અને હોટેલ એકોમોડેશન અંગેની જાણકારી,ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓ અને યોજનાઓની જાણકારી,ગુજરાતના પ્રવાસન સ્થળોના નકશાઓ પુરા પાડવા, પ્રવાસના રૂટની જાણકારી , ગુજરાત કાર્ડ માટેની અરજીઓ સ્વીકારવાની તથા ગુજરાત કાર્ડ ઈસ્યુ કરવાની, એન.આર.જી. ના પ્રશ્નો અને રજૂઆતો સ્વીકારી તેનો યોગ્ય ઉકેલ લાવવો, વિદેશી હુંડિયામણ વિશેની જાણકારી, મેડિકલ સુવિધાઓની જાણકારી, જાણીતા નોન રેસિડેન્ટ ગુજરાતીઓના પ્રવચનોનું આયોજન કરવું તથા એન.આર.જી. ફાઉન્ડેશન સંબંધી અન્ય માહિતી પુરી પાડવાની કામગીરી હાથ ધરાશે. ચેમ્બર ખાતે શરૂ થનારા આ એન.આર.જી. કોર્નરનો લાભ વિદેશથી આવેલા ગુજરાતીઓને થશે.

અંતમાં ઉપપ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ આભારવિધી કરી હતી.